Monday
16.09.2024
*Volume :9 * Issue No.60
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઝારખંડનાં ટાટાનગરમાં ૬૬૦ કરોડ રૂપિયાથી વધારે મૂલ્યનાં રેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું

**પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ (પીએમએવાય-જી)ના ૩૨,૦૦૦ લાભાર્થીઓને મંજૂરીના પત્રોનું વિતરણ કર્યું અને ૩૨ કરોડ રૂપિયાની સહાયનો પ્રથમ હપ્તો બહાર પાડ્યો**

**કનેક્ટિવિટી વધારવા માટે છ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપી**

**"સૌનો સાથ, સૌનો વિકાસ"ના મંત્રે દેશની વિચારસરણી અને પ્રાથમિકતાઓમાં પરિવર્તન કર્યું છે"**

**પ્રધાનમંત્રી જનમાન યોજના સમગ્ર દેશમાં આદિવાસી ભાઈઓ અને બહેનો માટે ચલાવવામાં આવી રહી છે**

**"પૂર્વ ભારતમાં રેલવે કનેક્ટિવિટીના વિસ્તરણથી સમગ્ર ક્ષેત્રની અર્થવ્યવસ્થાને વેગ મળશે"**



**"ઝારખંડમાં ભારતના સૌથી સમૃદ્ધ રાજ્ય બનવાની ક્ષમતા છે, અમારી સરકાર ઝારખંડના વિકાસ અને વિકસિત ભારત માટે પ્રતિબદ્ધ છે**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ઝારખંડના ટાટાનગરમાં ૬૬૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ રેલવે પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના –ગ્રામીણ (પીએમએવાય-જી)ના ૩૨,૦૦૦ લાભાર્થીઓને મંજૂરીપત્રોનું વિતરણ પણ કર્યું હતું. દિવસની શરૂઆતમાં શ્રી મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ટાટાનગર જંકશન રેલવે સ્ટેશન પર છ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપી હતી. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનની શરૂઆત બાબા બૈદ્યનાથ, બાબા બાસુકીનાથ અને ભગવાન બિરસા મુંડાની ભૂમિને નમન કરીને કરી હતી. તેમણે ઝારખંડમાં કર્મપર્વના શુભ પ્રસંગની નોંધ લીધી હતી, જે પ્રકૃતિની ઉપાસનાને સમર્પિત છે અને આજે રાંચીએરપોર્ટ પર તેમના સ્વાગત પર પ્રકાશ પાડ્યો હતો, જ્યાં એક મહિલા દ્વારા તેમને કર્મ પર્વનું પ્રતીક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યુ હતું કે, મહિલાઓ કર્મ પર્વના ભાગરૂપે તેમના ભાઈઓ માટે સમૃદ્ધ જીવનની ઈચ્છા રાખે છે. તેમણે આ શુભ પ્રસંગે શુભેચ્છાપાઠવી હતી અને કહ્યું હતું કે, ઝારખંડને આજે છ નવી વંદે ભારત ટ્રેન, ૬૦૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં વિકાસલક્ષી પ્રોજેક્ટ અને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતરાજ્યનાં લોકો માટે પાકાં મકાનો મળ્યાં છે. શ્રી મોદીએ ઝારખંડના લોકોને આજની અને અન્ય રાજ્યોની પરિયોજનાઓ માટે અભિનંદન પાઠવ્યા હતા, જેમને આજે વંદેભારત કનેક્ટિવિટી મળી છે. જ્યારે આધુનિક વિકાસ ફક્ત થોડાં રાજ્યો અને શહેરો અને ઝારખંડ જેવા રાજ્યો પાછળ રહી ગયા હતા તે સમયને યાદ કરીને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'સબ કા સાથ સબ કા વિકાસ'ના મંત્રએ દેશની વિચારસરણી અને પ્રાથમિકતાઓને બદલી નાખી છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "રાષ્ટ્રની પ્રાથમિકતાઓ ગરીબો, આદિવાસીઓ, દલિતો, વંચિતો, મહિલાઓ, યુવાનો અને ખેડૂતો છે." પ્રધાનમંત્રીએ જણાવ્યું હતુંકે, અત્યારે દરેક શહેર અને દરેક રાજ્ય કનેક્ટિવિટી વધારવા વંદે ભારત ટ્રેન ઇચ્છે છે. તેમણે થોડાં દિવસો અગાઉ ભારતનાં ઉત્તર અને દક્ષિણમાં રાજ્યો માટે ત્રણ નવી વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપવાની યાદ અપાવી હતી તથા આજે છ નવી વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપવાનો ઉલ્લેખ કર્યો હતો, જેણે તેમની યાત્રા શરૂ કરી દીધી છે. પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પૂર્વ ભારતમાં રેલવે કનેક્ટિવિટીનાં વિસ્તરણથી આ ક્ષેત્રનાં અર્થતંત્રને મજબૂત થશે અને તેનાથી વેપાર-વાણિજ્ય, વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓને મોટો લાભ થશે. છ નવી વંદે ભારત ટ્રેનોના પરિણામે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વધારો થવા વિશે પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, ભારત અને દુનિયામાંથી કાશીની મુલાકાત લેનારા મોટી સંખ્યામાં યાત્રાળુઓને હવે વારાણસી-દેવઘર વંદે ભારત શરૂ થવાની સાથે દેવઘરમાં બાબા બૈદ્યનાથની

**પ્રધાનમંત્રીએ કુરકુરા-કનારોન ડબલિંગ, બોદામુંડા-રાંચી સિંગલ લાઇન સેક્શનનો એક ભાગ અને રાંચી, મુરી અને ચંદ્રપુરા સ્ટેશનો થઈને રાઉરકેલા-ગોમોહ રૂટનો એક ભાગ દેશને સમર્પિત કર્યો હતો. આ પ્રોજેક્ટ ચીજવસ્તુઓ અને પેસેન્જર ટ્રાફિકની ગતિશીલતામાં નોંધપાત્ર વધારો કરવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત ૦૪ રોડ અંડર બ્રિજ (આરયુબી)ને પણ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા હતા, જેથી સામાન્ય લોકોની સુરક્ષા વધારી શકાય.**

**તમામ માટે મકાનની પોતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રીએ ઝારખંડનાં પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ (પીએમએવાય-જી)નાં ૩૨,૦૦૦ લાભાર્થીઓને મંજૂરીનાં પત્રોનું વિતરણ કર્યું હતું. તેમણે લાભાર્થીઓને સહાયનો પહેલો હપ્તો જાહેર કર્યો હતો. વડા પ્રધાને ૪૬ હજાર લાભાર્થીઓના ગૃહ પ્રવેશની ઉજવણીમાં પણ ભાગ લીધો હતો.**

મુલાકાત લેવાની તક મળશે. તેમણે કહ્યું હતું કે, તેનાથી આ વિસ્તારમાં પર્યટનને વેગ મળશે અને ટાટાનગરનાં ઔદ્યોગિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે, જેથી યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી થશે. શ્રી મોદીએ કહ્યું હતું કે, "ઝડપી ગતિથી વિકાસ કરવા માટે આધુનિક રેલવે માળખું અનિવાર્ય છે." તેમણે આજની વિવિધ વિકાસ પરિયોજનાઓ પર ધ્યાન દોર્યું હતું. તેમણે દેવઘર જિલ્લામાં મધુપુર બાય પાસ લાઇનનો શિલાન્યાસ કર્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો, જે હાવડા-દિલ્હી મેઇનલાઇન પર ટ્રેનોની અટકાયત ટાળવામાં સુવિધા આપશે તથા ગિરિડીહ અને જસિદીહ વચ્ચે મુસાફરીનો સમય ઘટાડવામાં પણ મદદરૂપ થશે. તેમણે હઝારીબાગ જિલ્લામાં હઝારીબાગ ટાઉન કોચિંગ ડેપોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જે આ સ્ટેશન પર કોચિંગ સ્ટોકની જાળવણીમાં મદદ કરશે. તેમણે કહ્યું હતું કે, કુર્કુરા-કનારોન લાઇનને બમણી કરવાથી ઝારખંડમાં રેલવે કનેક્ટિવિટીમાં વધારો થશે અને સ્ટીલ ઉદ્યોગ સાથે જોડાણ મજબૂત થશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ઝારખંડમાં તેની સંપૂર્ણ પ્રગતિ અને વિકાસને સુનિશ્ચિત કરવા માટે રોકાણને વેગ આપવાની સાથે-સાથે વિકાસ કાર્યોની ગતિમાં વધારો કર્યો છે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે, આ વર્ષનાં બજેટમાં ઝારખંડને રાજ્યનાં રેલવે માળખાને મજબૂત કરવા માટે રૂ. ૭,૦૦૦ કરોડથી વધારે રકમ આપવામાં આવી હતી, જે ૧૦ વર્ષ અગાઉ ફાળવવામાં આવેલા બજેટની સરખામણીમાં ૧૬ ગણી વધારે હતી. તેમણે વધુમાં રેલવે બજેટ વધારવાના ફાયદાઓ વિશે લોકોને ધ્યાન દોર્યું હતું - નવી લાઇનોનો વિકાસ હોય કે લાઇનોનું ઈલેક્ટ્રિફિકેશન હોય કે લાઇનોનું ડબલિંગ હોય કે સ્ટેશનોમાં નવા ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ હોય, કામ ઝડપથી ચાલી રહ્યું છે. શ્રી મોદીએ જે રાજ્યોમાં રેલવે લાઈનોનું ૧૦૦ ટકા વિદ્યુતીકરણ થયું છે તેમાં સામેલ થવા બદલ ઝારખંડની પ્રશંસા કરી હતી. શ્રી મોદીએ અમૃત ભારત રેલવે સ્ટેશન યોજના અંતર્ગત ઝારખંડમાં ૫૦થી વધારે રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ થઈ રહ્યો છે એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ (પીએમએવાય-જી)નો પ્રથમ હપ્તો આજે શરૂ થઈ રહ્યો છે, જે હજારો લાભાર્થીઓને પાકા મકાનો સુનિશ્ચિત કરશે. તેમણે ઉમેર્યું હતું કે, પીએમએવાય-જીની સાથે શૌચાલય, પીવાનું પાણી, વીજળી, ગેસ કનેકશનની અન્ય સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી હતી. શ્રી મોદીએ ધ્યાન દોર્યું હતું કે, જ્યારે કોઈપરિવારને પોતાનું ઘર મળે છે, ત્યારે તેમનો આત્મવિશ્વાસ વધે છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, તેમના વર્તમાનને સ્થિર કરવાની સાથે તેઓ તેમના વધુ સારા ભવિષ્ય માટે વિચારવાનું શરૂ કરે છે. શ્રી મોદીએ જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના મારફતે પુક્કા મકાનોની સાથે-સાથે ઝારખંડનાં લોકો માટે ગામડાઓ અને શહેરોમાં પણ હજારો રોજગારીનું સર્જન થયું છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં દેશનાં ગરીબ, દલિત, વંચિત અને આદિવાસી પરિવારોને સશક્ત બનાવવા માટે ઘણાં મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે. તેમણે પ્રધાનમંત્રી જનમાન યોજના વિશે વાત કરી હતી, જે ઝારખંડ સહિત સમગ્ર દેશમાં આદિવાસી સમુદાય માટે ચલાવવામાં આવી રહી છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ યોજના મારફતે અતિ પછાત આદિવાસીઓ સુધી પહોંચવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને અધિકારીઓ પોતે પણ આવા પરિવારો સુધી પહોંચીને તેમને ઘર, માર્ગ, વીજળી, પાણી અને શિક્ષણ પ્રદાન કરે છે. તેમણે કહ્યું હતું કે, આ પ્રકારનાં પ્રયાસો વિકસિત ઝારખંડ માટે સરકારનાં ઠરાવોનો એક ભાગ છે. સંબોધનના સમાપનમાં પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ સંકલ્પો ચોક્કસપણે પૂર્ણ થશે અને ઝારખંડનાં સ્વપ્નો લોકોનાં આશીર્વાદથી સાકાર થશે. તેમણે ઝારખંડના લોકો સમક્ષ વિનમ્ર ક્ષમાયાચના પણ કરી હતી, કારણ કે ખરાબ હવામાનની સ્થિતિને કારણે તેઓ આ સ્થળે હાજર રહી શક્યા ન હતા, જેના કારણે તેમના હેલિકોપ્ટરની અવરજવર મર્યાદિત થઈ ગઈ હતી અને વીડિયો કોન્ફરન્સિંગ મારફતે તેમને આજના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરવાની અને શિલાન્યાસ કરવાની ફરજ પડી હતી. આ પ્રસંગે ઝારખંડનાં રાજ્યપાલ શ્રી સંતોષ ગંગવાર અને કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતાં.

**પ્રધાનમંત્રીએ ૬૬૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં વિવિધ રેલવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું હતું. આ પ્રોજેક્ટ્સમાં દેવઘર જિલ્લામાં માધુપુર બાય પાસ લાઇન અને ઝારખંડના હઝારીબાગ જિલ્લામાં હઝારીબાગ ટાઉન કોચિંગ ડેપોનો શિલાન્યાસ સામેલ છે. આ કામ પૂર્ણ થયા પછી, માધુપુર બાયપાસ લાઇન હાવડા-દિલ્હી મેઇનલાઇન પર ટ્રેનોની અટકાયત ટાળવામાં સુવિધા આપશે અને ગિરિડીહ અને જસિદીહ વચ્ચે મુસાફરીનો સમય ઘટાડવામાં પણ મદદ કરશે અને હઝારીબાગ ટાઉન કોચિંગ ડેપો આ સ્ટેશન પર કોચિંગ સ્ટોકની જાળવણીની સુવિધામાં મદદ કરશે.**

# માંડવીના ગોદાવાડી ખાતે વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાના ૭૫મા વન મહોત્સવની ઉજવણી

**'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ ગુજરાતમાં નવ કરોડ વૃક્ષોનું વાવેતર કરાયુ**







**દરેક નાગરિક પોતાના જન્મદિવસે એક વૃક્ષ વાવીને તેના જતન માટે સંકલ્પ કરે :- વનમંત્રી મુકેશભાઈ પટેલ**



કમલમ્ ન્યુઝ,સુરત

માંડવી તાલુકાના ગોદાવાડી ગામે સામાજિક વનીકરણ વિભાગ-સુરત દ્વારા 'એક પેડ મા કે નામ' અભિયાનની થીમ સાથે ૭૫મા તાલુકા કક્ષાના વન મહોત્સવની ઉજવણી વન, પર્યાવરણ રાજયમંત્રી મુકેશભાઈ પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઇ હળપતિની ઉપસ્થિતિ માં કરવામાં આવી હતી. સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા પણ આ તકે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વન, પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ધરતી માતાનું ગ્રીન કવચ વધારવાના હેતુ સાથે 'એક પેડ મા કે નામ' દેશવ્યાપી અભિયાન શરૂ કરી દેશમાં ૧૪૦ કરોડ જેટલા વૃક્ષો વાવવા અને ઉછેરવાનું આહવાન કર્યું છે. દુનિયામાં 'માતૃત્વ', મમતા અને વાત્સલ્ય સૌથી પવિત્ર હોય છે, ત્યારે માતા પુત્રના પવિત્ર સંબંધ નિભાવવા 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ ગુજરાતમાં નવ કરોડ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. વધુમાં મંત્રીશ્રીએ કહ્યું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં મેઘમહેર રહી છે. ગ્લોબલ વોર્મિંગની અસરને નાથવા અને વરસાદને ખેંચી લાવવા વૃક્ષો કારગત સાબિત થાય છે. જન્મથી લઈને મૃત્યુ સુધી લાકડાનો ઉપયોગ અનિવાર્ય છે. પર્યાવરણ પર કલાઈમેટ ચેન્જની નકારાત્મક અસરો નિવારવા વધુ ને વધુ વૃક્ષારોપણ જરૂરી છે. હવે આપણે સમાજમાં નવો ચીલો ચિતરીએ કે દરેક નાગરિકે પોતાના જન્મદિવસે એક વૃક્ષ વાવીને તેના જતન માટે સંકલ્પબદ્ધ બનો. મંત્રીશ્રીએ સૌ નાગરિકોને 'એક પેડ મા કે નામ' અભિયાનમાં જોડાઈ જનભાગીદારીથી રાજ્યને હરિયાળુ, સ્વચ્છ અને સ્વસ્થ બનાવવાના અભિયાનમાં જોડાવા આહવાન કર્યું હતું. આ અવસરે મંત્રીશ્રીઓએ અને મહાનુભાવોએ ગોદાવાડી ગૌચરમાં વૃક્ષારોપણ કરી વૃક્ષોનું જતન કરવામાટે અપીલ કરી હતી. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક (સામાજિક વનીકરણ) શ્રી આનંદ કુમાર, નાયબ વન સંરક્ષકશ્રી સચિન ગુપ્તા, તા. પંચાયત પ્રમુખશ્રી દિલિપભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ગીતાબેન પટેલ, જિ. પંચાયતના સભ્ય રોહિતભાઈ પટેલ, અગ્રણી ભાવનાબેન ચૌધરી, ફોરેસ્ટ અધિકારીઓ સહિત ખેડૂતો, ગ્રામજનો, પર્યાવરણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નિકાસમાં વધારો કરીને ખેડૂતો તેમના પાકના મહત્તમ ભાવ મેળવી શકશે: મંત્રીશ્રી અમિત શાહ

**મોદી સરકારના નિર્ણયથી ભારતના સોયાબીન ખેડૂતોને તેમના પાકના સારા ભાવ મળશે અને તેમની આવકમાં વધારો થશે**

**કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી, શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે ખેડૂતોના હિતને સર્વોપરી રાખ્યું છે અને ખેડૂતોને વાજબી ભાવ મળી રહે તે માટે નિકાસ વધારી રહી છે**



**મોદી સરકારે ક્રૂડ પામ, સોયા અને સનફ્લાવર ઓઈલ પર ઈમ્પોર્ટ ડ્યૂટી ૧૨.૫%થી વધારી ૩૨.૫% અને તેમના રિફાઈન્ડ ઓઈલ પર ડ્યૂટી ૧૩.૭૫%થી વધારીને ૩૫.૭૫% કરવાનો નિર્ણય લીધો છે**

**ડુંગળી પરનો લઘુત્તમ નિકાસ ભાવ દૂર કરવાનો અને નિકાસ ડ્યૂટી ૪૦%થી ઘટાડીને ૨૦% કરવાનો નિર્ણય ડુંગળીની નિકાસમાં વધારો કરશે અને ડુંગળી ઉત્પાદક ખેડૂતોની આવકમાં વધારો કરશે**

**બાસમતી ચોખા પર MEP સમાપ્ત કરવાનો નિર્ણય બાસમતી ચોખા ઉત્પાદક ખેડૂતોને તેમની નિકાસ કરીને વધુ નફો મેળવવા સક્ષમ બનાવશે**

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર ખેડૂતોને તેમના પાકની વાજબી કિંમત મળે તે સુનિશ્ચિત કરવા માટે નિકાસને વેગ આપી રહી છે, જેથી તેઓ તેમના ઉત્પાદન માટે મહત્તમ મૂલ્ય મેળવી શકે. 'એક્સ' પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં શ્રી અમિત શાહે ઉલ્લેખ કર્યો હતો કે, ખેડૂતોનાં કલ્યાણને સર્વોપરી રાખતાં મોદી સરકારે ત્રણ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે:

૧. મોદી સરકારે ડુંગળી પર મિનિમમ એક્સપોર્ટ પ્રાઈસ (એમઈપી) હટાવવાનો અને એક્સપોર્ટ ડ્યૂટી ૪૦ ટકાથી ઘટાડીને ૨૦ ટકા કરવાનો નિર્ણય કર્યો છે. આનાથી ડુંગળીની નિકાસમાં વધારો થશે, પરિણામે ડુંગળીનું ઉત્પાદન કરતા ખેડૂતોની આવકમાં વધારો થશે.

૨. સરકારે બાસમતી ચોખા પરની એમઈપીને દૂર કરવાનો પણ નિર્ણય લીધો છે, જેનાથી બાસમતી ચોખાનું ઉત્પાદન કરતા ખેડૂતો નિકાસ કરી શકે છે અને વધુ નફો મેળવી શકે છે.

૩. આ ઉપરાંત, મોદી સરકારે ક્રૂડ પામ, સોયાબીન અને સૂર્યમુખીના તેલની આયાત પરની ડ્યુટી ૧૨.૫ ટકાથી વધારીને ૩૨.૫ ટકા અને તેમના રિફાઇન્ડ તેલ પર ૧૩.૭૫ ટકાથી વધારીને ૩૫.૭૫ ટકા કરવાનો નિર્ણય લીધો છે.

આ સુનિશ્ચિત કરશે કે ભારતીય સોયાબીનના ખેડૂતોને તેમના પાક માટે સારા ભાવ મળે, જેથી તેમની આવકમાં વધારો થાય.

